# પંજાબમાં ખાલિસ્તાન ચળવળને ફરી સજીવન કરવાના ખતરનાક પ્રયાસ

પંજાબમાં ખાલિસ્તાન ચળવળને ફરી સજીવન કરવાના ખતરનાક પ્રયાસો હાલમાં ચાલી રહ્યા હોવાના ચોંકાવનારા અહેવાલ સપાટી પર આવ્યા છે. આ પ્રયાસ અન્ય કોઈ નહી બલ્કે પાકિસ્તાનની ગુપ્તચર સંસ્થા આઈએસઆઈ દ્વારા કરવામાં આવી રહ્યા છે. શિખોના પવિત્ર પુસ્તક ગુરૂ ગ્રંથ સાહિબને અપમાનિત કરવાને લઈને પંજાબમાં હાલમાં થયેલા તોફાનમાં વિદેશી તાકાતોની ભૂમિકા હોવાની શંકા દેખાઈ રહી છે. કેન્દ્ર સરકારને રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવનાર અહેવાલનો ઈન્તજાર છે. ગુપ્તચર સંસ્થાઓને એવા પુરાવા મળ્યા છે કે પાકિસ્તાનની ગુપ્તચર સંસ્થા આઈએસઆઈ દ્વારા પંજાબમાં ખાલિસ્તાન આંદોલનને ફરી સક્રિય કરવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. આના માટે શિખ સમુદાયના રૂઢીવાદી લોકોને ટાર્ગેટ બનાવવામાં આવી શકે છે. આઈએસઆઈ દ્વારા કાવતરા ઘડવામાં આવી રહ્યા છે. પંજાબ પોલીસે ફરીદકોટમાં ગુરૂ ગ્રંથ સાહિબને અપમાનિત કરવાના મામલે તપાસ હાથ ધરી છે. આ સંબંધમાં જસવિન્દર અને રૂપિન્દરની ધરપકડ કરી છે. પોલીસને ચકાસણી દરમિયાન એવી વિગત મળી છે કે આ બન્નો શંકમંદોએ ઓસ્ટ્રેલિયામાં ફોન કર્યા હતા. પંજાબ પોલીસ માને છે કે આ ઘટનાને અંજામ આપવા માટે શકય છે કે ઓસ્ટ્રેલિયા અને દુબઈમાંથી ફંડની વ્યવસ્થા કરવામાં આવી હતી. જેથી તપાસ સંસ્થાઓને શંકા છે કે આઈએસઆઈનો હાથ હોઈ શકે છે.આઈએસઆઈ દ્વારા પંજાબમાં ખાલિસ્તાન સમર્થકોને ઉશ્કેરવાના પ્રયાસો કરવામાં આવી શકે છે. આ અહેવાલ બાદ ચિંતાનુ મોજુ ફરી વળ્યુ છે. અગાઉ એવા અહેવાલ આવ્યા હતા કે આઈએસાઈના લોકોએ લશ્કરે તોયબા જેવા સંગઠનોની સાથે વાતચીત કરી હતી. આ વાતચીતમાં બબ્બર ખાલસા અને ખાલિસ્તાન જિન્દાબાદના ત્રાસવાદી સામેલ કરવામાં આવ્યા હતા.૧૯૮૦ના દાયકામાં પંજાબમાં હાહાકાર મચાવનારાં સિખ આતંકવાદી સંગઠનો ફરી સક્રિય થઈ રહ્યા છે. ગઈ કાલે સરકારે સંસદમાં આ વાતનો સ્વીકાર કર્યો હતો. સરકારના જણાવ્યા પ્રમાણે ખાસ કરીને વિદેશમાં સ્થિત સિખ આતંકવાદી જૂથો પંજાબમાં તેમની પ્રવૃત્તિ ફરી તેજ કરવાના પ્રયાસો કરી રહ્યાં છે.૨૦૦૪ના અનલૉફુલ ઍક્ટિવિટીઝ (પ્રિવેન્શન) ઍક્ટ હેઠળ ખાલિસ્તાન તરફી આતંકવાદી સંગઠનો જેવાં કે બબ્બર ખાલસા ઈન્ટરનૅશનલ, ઈન્ટરનૅશનલ સિખ યુથ ફેડરેશન, ખાલિસ્તાન કમાન્ડો ફોર્સ અને ખાલિસ્તાન ઝિંદાબાદ ફોર્સ હજી પણ આતંકવાદી સંગઠનો છે.આજથી બરાબર ૩૨ વર્ષ પહેલાં, પાંચમી અને છઠ્ઠી જૂન ૧૯૮૪ વચ્ચેની રાતમાં અમૃતસરમાં શીખોના પવિત્ર ધામ સુવર્ણ મંદિરમાં ભારતીય સેનાએ પ્રવેશ કર્યો અને ખાલિસ્તાની આતંકવાદીઓનો અંત આણી દીધો. આ અત્યંત વિનાશકારી ભાગલાવાદી ચળવળના ત્રણ મુખ્ય સૂત્રધારો – સંત જર્નૈલસિંઘ ભિંડરાંવાલે, એનો લશ્કરી સલાહકાર જનરલ શાહબેગ સિંઘ અને ઑલ ઈન્ડિયા શીખ સ્ટૂડન્ટ્સ ફેડરેશનનો અધ્યક્ષ ભાઈ અમરીક સિંઘ – પણ લશ્કરી કાર્યવાહીમાં માર્યા ગયા. સુવર્ણ મંદિર તારાજ થઈ ગયું. એનું મૂળ નામ તો શ્રી હરિ મંદિર કે દરબાર સાહેબ છે, પરંતુ એના સુવર્ણજડિત ગુંબજને કારણે એ સુવર્ણ મંદિર તરીકે ઓળખાય છે. ૧૫૮૮માં ગુરુ અર્જન દેવની નિગેહબાની નીચે એનું નિર્માણ થયું ત્યારથી જ એ શીખોનું મુખ્ય તીર્થધામ બની રહ્યું છે. સ્વતંત્ર ભારતના ઈતિહાસમાં કેટલીયે મહત્વની ઘટનાઓ બની છે, તેમાં પાંચમી જૂન ૧૯૮૪ને આપણે કાળા દિવસ તરીકે જ યાદ કરી શકીએ. ભારતે સર્વધર્મ સમભાવનો આદર્શ સ્વીકાર્યો છે અને અહીં બધા ધર્મોને એકસરખો આદર મળે છે. આમ છતાં ધર્મસ્થળમાં સેનાને મોકલવી પડે એવી સ્થિતિ ઊભી થઈ એ ખરેખર દુ:ખની વાત છે. આ ઘટનાની અસર એ થઈ કે તે પછીના માત્ર પાંચ જ મહિનામાં ૩૧મી ઑક્ટોબરે વડા પ્રધાન શ્રીમતી ઈંદિરા ગાંધીની એમના જ બે શીખ અંગરક્ષકોએ હત્યા કરી નાખી. તે પછી દિલ્હીની ગલીઓ, સરિયામ રસ્તાઓ અને શીખોનાં ઘરોમાં લોહીની નદીઓ વહી, લોકોને જીવતા સળગાવી દેવાયા, સ્ત્રીઓની અસ્મત લૂંટવામાં આવી. હજારો શીખ પરિવારો બેઘર, લાચાર બની ગયા. નવા વડા પ્રધાન રાજીવ ગાંધીએ આ હત્યાકાંડ વિશે લોકોને સમજાવ્યું કે મોટું ઝાડ પડે તો એની સાથે ઘણું બધું ચગદાઈ જાય ! રોમ ભડકે બળતું હતું ત્યારે નીરો પણ વાંસળી વગાડતો હતો.

આપણે વહેતું લોહી જોવા અને નિર્દોષ લોકોના ચિત્કારો સાંભળવા શા માટે આતુર હોઈએ છીએ?આમ જોવા જઈએ તો શીખ અલગતાવાદનાં મૂળિયાં અંગ્રેજોની ધર્મના આધારે જાતિઓ નક્કી કરવાની નીતિમાં રહેલાં છે. ૧૯૩૪ની બીજી ગોળમેજી પરિષદમાં શીખોના પ્રતિનિધિ તરીકે માસ્ટર તારાસિંઘે ભાગ લીધો હતો. શીખો માટે પણ અલગ મતદાર મંડળની માંગ હતી, પરંતુ ગાંધીજી અને કોંગ્રેસે શીખોને વચન આપ્યા પછી એમણે આ માંગ પડતી મૂકી હતી. એ પણ કહેવું જોઈએ કે આપણી દરેક નબળાઈઓ અને ખામીઓ માટે દાયકાઓ સુધી અંગ્રેજોને દોષ આપતા રહીએ તેનો અર્થ તો એ જ થાય કે આપણે આજે પણ એમના માનસિક શાસન હેઠળ છીએ અને એમાંથી બહાર આવવા સમર્થ નથી. આપણે વર્તમાનની ઉણપો માટે કોઈ જાતિને જવાબદાર ઠરાવવા કરતાં વર્તમાનની સમસ્યાઓ પર ધ્યાન આપવાની જરૂર છે. આઝાદી આવતાં ખરેખર તો, પંજાબ અને બંગાળ, એ બે જ પ્રાંતોના ટુકડા થયા. જે કત્લેઆમ થઈ તેમાં પણ પંજાબમાં હિન્દુઓ કરતાં શીખોને, અને સામે પક્ષે, મુસલમાનોને વધારે સહેવું પડ્યું. આમ, અલગ હોવાની, કે ઈતિહાસે અન્યાય કર્યો હોવાની, ભાવના તો શીખોમાં હતી જ.તે પછી શીખ મંથન ચાલુ જ રહ્યું. ૧૯૫૫થી પંજાબી સુબા, એટલે કે પંજાબીભાષી રાજ્યની માગણી શરૂ થઈ. પંજાબી હિન્દુઓએ જવાબમાં પોતાની માતૃભાષા તરીકે પંજાબી ને બદલે હિન્દી હોવાનું આંદોલન ચલાવ્યું કારણ કે એમને અકાલી દળ અથવા તો શીખોનું પ્રભુત્વ હોય તેવું રાજ્ય જોઈતું નહોતું. જો કે હિન્દુઓ પણ બધા પંજાબી ભાષી જ હતા. હવે અકાલી દળની ભૂમિકા, માસ્ટર તારાસિંહની નેતાગીરી, સંત ફતેહસિંઘના ઉપવાસ વગેરેની ચર્ચા અહીં જ અધૂરી છોડી દઈએ અને મૂળ વિષય પર આવીએ. કહેવાનો મુદ્દો એ જ કે શીખોમાં હિન્દુઓથી અલગ હોવાની ભાવના હતી જ. અકાલી દળે શીખોને લાગુ પડતા હિન્દુ કોડ બિલ સામે પણ આંદોલન ચલાવ્યું હતું.આ બધામાં ૧૯૭૩નો આનંદપુર સાહેબ ઠરાવ બહુ મહત્ત્વનો છે. સરકારે એને ભાગલાવાદી યુદ્ધના એલાન જેવો માન્યો, પરતુ અકાલીઓ આનો ઈન્કાર કરે છે ઠરાવમાં સાત મુખ્ય મુદ્દા હતા, પરંતુ એક નજરે તો એમાં અલગ રાજ્ય કરતાં રાજ્ય તરીકે વધારે અધિકારોની માંગ હતી. પછીથી રાજીવ-લોંગોવાલ સમજૂતી હેઠળ આ ઠરાવ કેન્દ્ર-રાજ્ય સંબંધોના અભ્યાસ માટે નિમાયેલા સરકારિયા પંચને વિચારણા માટે સોંપાયો હતો.આ બાજુ ધીમે ધીમે ઉગ્રતા વધતી જતી હતી અને બબ્બર ખાલસા, ખાલિસ્તાન કમાંડો ફોર્સ વગેરે સંગઠનો ઊભાં થયાં. નોંધવા જેવી વાત એ છે કે ખાલિસ્તાન આંદોલનને દેશના શીખો કરતાં વિદેશોમાં, ખાસ કરીને કેનેડામાં વસતા શીખોનો વધારે ટેકો હતો.એમણે સ્વતંત્ર ખાલિસ્તાન રાષ્ટ્રનો નક્શો બહાર પાડ્યો હતો અને ચલણ પણ જારી કરી દીધું હતું. એમની ચળવળમાં એમને ચાક મહેતા ગુરુદ્વારાના ગ્રંથી (પુજારી) સંત જર્નૈલ સિંઘ ભિંડરાંવાલેનો સાથ મળ્યો. હવે અકાલી દળની ભૂમિકા ભિંડરાંવાલેની હા-માં-હા મિલાવવા પૂરતી રહી ગઈ હતી.ભિંડરાંવાલે સામે અમુક આક્ષેપો હતા અને એની ધરપકડ કરવાની હતી, પણ ગુરુદ્વારાની અંદર કેમ જવાય? અંતે એની શરતોએ એ બહાર આવ્યો અને પોલીસને શરણે થયો. પરંતુ ૧૯૮૧માં એની સામેના કેસો નીકળી ગયા અને એણે હરિમંદિર સાહેબમાં અડ્ડો જમાવ્યો. એ વખતથી અકાલ તખ્તની આડશમાં આતંકવાદી હિલચાલોએ જોર પકડ્યું. આતંકવાદીઓ બસને રોકીને હિન્દુઓને ઉતારી લેતા અને એમને મોતને ઘાટે ઉતારી દેતા. આમ છતાં એ પણ કહેવું પડશે કે પંજાબમાં ક્યાંય હિન્દુ શીખ રમખાણો ન થયાં.

૧૯૮૪ના મે મહિનાથી સરકારને એવા સમાચાર મળવા લાગ્યા હતા કે હરિમંદિર સાહેબમાં મોટે પાયે હથિયારો એકઠાં કરાય છે અને ખાલિસ્તાનની રચનાની જાહેરાત કરવાની તૈયારીઓ ચાલે છે. ભિંડરાંવાલેને ભારતીય સેનામાંથી ભાગી છૂટેલો લેફ્ટેનન્ટ જનરલ શાહબેગ સિંઘ મદદ કરે છે એવા અહેવાલો પણ હતા. ગુરુ પરબ (ગુરુ અર્જનદેવનો શહીદી દિન) નિમિત્તે હરિમંદિરમાં આવનારા હજારો ભાવિકોની હાજરીમાં આ જાહેરાત થાય એવો સંભવ હોવાથી સરકારે આતંકવાદીઓ પર કાબુ મેળવવા માટે જરૂર પડ્યે લશ્કરી કાર્યવાહી કરવાનો નિર્ણય કરી લીધો.લેફ્ટેનન્ટ જનરલ કે. એસ. બ્રાર ૧લી જૂને વિદેશ જવાના હતા, પણ આગલી સાંજે જનરલ કે. સુંદરજીનો સંદેશ મળતાં તેઓ એમને મળવા ગયા. ત્યાં એમને અમૃતસર જવા કહેવામાં આવ્યું. પહેલી જૂને એમણે સુવર્ણ મંદિરની સાદા પોષાકમાં મુલાકાત લીધી અને ખાલિસ્તાનીઓએ કરેલી મજબૂત કિલ્લેબંધી નજરે જોઈ. એમનો એક વખતનો સીનિયર શાહબેગ સિંઘ એમને દૂરથી જોતો હતો – આ બ્રાર અહીં શું કરે છે?જો કે, બીબીસીના ખબરપત્રી માર્ક ટલી કહે છે કે લશ્કરી કાર્યવાહી તો પહેલી તારીખે જ શરૂ થઈ ગઈ હતી, બહારથી ગોળીબાર પણ થયો હતો. શહેરમાં કરફ્યુ હતો, અમૃતસરથી ઊપડતી ટ્રેનો બંધ કરી દેવામાં આવી હતી, બહાર જવાના બધા રસ્તા સીલ કરી દેવાયા હતા. અંદર સામાન્ય નાગરિકો હતા, એમની સામે જાનનું જોખમ હતું.શીખ નેતાઓ અને બીજા પત્રકારો પણ કહે છે કે ઑપરેશન બ્લૂ સ્ટાર ખરેખર તો પહેલેથી આઠમી જૂન સુધી ચાલ્યું. પરંતુ જનરલ બ્રાર આ દાવાને નકારી કાઢે છે. એમના કહેવા મુજબ પાંચમીની બપોરથી જ લાઉડ સ્પીકરો દ્વારા ઘોષણા કરવામાં આવતી હતી કે જેથી લોકો બહાર નીકળી આવે, સાંજના સાત વાગ્યા સુધી કંઈ જવાબ ન મળતાં જનરલ બ્રારે પોલીસને અંદર માણસો મોકલીને લોકોને બહાર લાવવાની કોશિશ કરવા કહ્યું, પણ પોલીસનો જવાબ હતો કે જે કોઈ અંદર જશે તેને મિલિટન્ટો મારી નાખશે. અંતે સોએક બીમાર સ્ત્રી-પુરુષો અને બાળકોને ઉદ્દામવાદીઓએ બહાર જવા દીધા. એમણે બહાર આવીને પોલીસને કહ્યું કે અંતિમવાદીઓએ લોકોને રોકી રાખ્યા હતા.વાત વણસે નહીં તે માટે અંતિમવાદીઓ વિરુદ્ધની કાર્યવાહી રાત દરમિયાન જ કરવાની હતી, જેથી લશ્કરી કાર્યવાહી વિશે અફવાઓ ન ફેલાય. જનરલ બ્રારે તે દિવસે વહેલી સવારે જ પોતાના જવાનોને કાર્યવાહીનો ઉદેશ સમજાવી દીધો હતો કે આ કાર્યવાહી કોઈ ધર્મની વિરુદ્ધ નથી, માત્ર એક ધર્મસ્થાનનો દુરુપયોગ કરનાર ત્રાસવાદીઓ વિરુદ્ધ છે. એમની ટુકડીમાં શીખો પણ હતા પણ કોઈ આ કાર્યવાહીમાંથી હટવા તૈયાર નહોતા.પાંચમીની રાતે છ ઈન્ફન્ટ્રી બટાલિયનો અને કમાંડો સાથે જનરલ બ્રાર અંદર ધસી ગયા. જવાનોને તાકીદ હતી કે હરિમંદિર સાહેબમાંથી ખાલિસ્તાનીઓ ગોળીબાર કરે તો પણ એ દિશામાં વળતો ગોળીબાર ન જ કરવો. કાર્યવાહીના અંતે તપાસ કરતાં જોવા મળ્યું કે હરિમંદિરની દીવાલમાંથી એક-બે ગોળીઓ મળી. બ્રાર કહે છે કે એ કદાચ ઉદ્દામવાદીઓની પણ હોય અથવા તો સૈનિકોની પણ અચાનક છૂટેલી ગોળી હોઈ શકે, પણ, રીતસર હુમલો નહોતો થયો એનો એ પુરાવો છે.અકાલ તખ્તને નુકસાન ન થાય તે માટે જનરલ બ્રારે સ્ટન ગ્રેનેડનો ઉપયોગ કર્યો. આ ગ્રેનેડથી લોકો ઘડી-બે ઘડી સ્તબ્ધ થઈ જાય છે, પણ જાનહાનિ નથી થતી. પરંતુ અકાલ તખ્ત જડબેસલાખ બંધ હતું. સ્ટન ગ્રેનેડની અંદર અસર નહોતી. જવાનો ઘૂંટણિયે ચાલતા જવા લાગ્યા તો સામેથી ઉદ્દામવાદીઓએ ગોળીબાર કરતાં માર્યા ગયા.દરમિયાન ભિંડરાંવાલે, શાહબેગ અને બીજા ત્રાસવાદીઓ ગ્રંથસાહેબની ઉપરના માળે ચાલ્યા ગયા હતા.

## ભારતીય મુસ્લિમ મહિલાઓને પુરુષ સમોવડિયા અધિકાર માટે ઐતિહાસિક ચળવળ

ભારતીય મુસ્લિમ મહિલાઓને પુરુષ સમોવડિયા અધિકાર બક્ષવા માટે અને તેમને ગરિમાપૂર્ણ રીતે લગ્ન, છૂટાછેડા, સંપત્તિ અને અન્ય અધિકારો પ્રાપ્ત થાય એની ચળવળમાં વર્તમાન નરેન્દ્ર મોદી સરકાર ઐતિહાસિક કહી શકાય એવા પગલાં લેવા કૃતસંકલ્પ છે. પ્રશ્ન માત્ર મુસ્લિમ મહિલાઓ પ્રત્યેના અન્યાયી વલણને નાબૂદ કરવા પૂરતો સીમિત નથી, વડા પ્રધાન નરેન્દ્ર મોદીના વડપણ હેઠળની ભાજપ અને મિત્ર પક્ષોની સરકારે તમામ મહિલાઓને માટે અન્યાયી કાયદાકીય જોગવાઈઓને સમાપ્ત કરવાની દિશામાં આગળ વધવા માટે નવનિયુક્ત કાયદા પંચના અધ્યક્ષ ડો. જસ્ટિસ બી. એસ. ચૌહાણના વડપણ હેઠળ કોઈ પણ નાત, જાત કે ધર્મના ભેદભાવ વિના તમામ નાગરિકો માટેના કૌટુંબિક કાયદાઓ સુધારવાનું અભિયાન આદર્યું છે.બંધારણના ઘડવૈયાઓ થકી સરકારને સમગ્ર દેશમાં સમાન નાગરી ધારા (યુનિફોર્મ્સ સિવિલ કોડ)નો અમલ કરવા માટે બંધારણની કલમ (અનુચ્છેદ-આર્ટિકલ) અન્વયે આપેલા આદેશનું પાલન કરવાની દિશામાં વડા પ્રધાન મોદીના નેતૃત્વવાળી ભારત સરકાર આગળ વધતાં સામે પૂર તરવાના સંજોગો નિર્માણ થયા છે. જોકે આ સમગ્ર કવાયતનો આરંભ ૭ ઓક્ટોબર ૨૦૧૬ના રોજ ભારતના કાયદા પંચના અધ્યક્ષ ડો. ચૌહાણના અનુરોધપત્ર સાથે પ્રસારિત કરાયેલી ૧૬ પ્રશ્નોની એક પ્રશ્નાવલિથી થયો છે. માત્ર ૪૫ દિવસમાં સંબંધિત તમામ સંસ્થાઓ વર્ગો અને જાહેર જનતાનો કુટુંબને લગતા કાયદા કાનૂન અંગે જરૂરી જણાતા સુધારાઓ વિશે મત જાણ્યા પછી કાયદા પંચ અહેવાલ તૈયાર કરીને ભારત સરકારને આ દિશામાં આગળ વધવા માટે માર્ગદર્શન પૂરું પાડશે. મૌખિક તલાક નાબૂદી ભણી વિશ્વના પાકિસ્તાન, ઈજિપ્ત, ઈરાક સહિતના મુસ્લિમ દેશોએ પણ જ્યારે છૂટાછેડામાં કાયદાકીય ફેરફાર કરીને ત્રણ વાર એક સાથે તલાક-તલાક-તલાક કહીને કોઈ પણ પરિણીત મુસ્લિમ મહિલાને અન્યાયી કહી શકાય એવા છૂટાછેડા આપવાની જોગવાઈઓ રદ કર્યા છતાં ભારતમાં આઝાદીના સાત-સાત દાયકા સુધી આવી અમાનવીય પરંપરાને પવિત્ર કુર્રાન અને હદીસ તથા શરિયતની બદલી ના શકાય એવી જોગવાઈની આડશે ચાલુ રાખવામાં આવી છે. ૧૯૮૫માં ઈંદોરની શાહબાનુ નામની એક વકીલની પત્નીને એના પતિએ તલાક આપ્યા પછી ભરણપોષણ આપવાના અદાલતી આદેશને ભારતીય મુસ્લિમ વ્યક્તિગત કાનૂન (ઈન્ડિયન મુસ્લિમ પર્સનલ લૉ)ની આડશે નકાર્યું ત્યારે દેશવ્યાપી ઉહાપોહ મચ્યો હતો. દાયકાઓ સુધીના લગ્નને પગલે શાહબાનુને સંબંધિત પતિથી સંતાનો પણ થયાં હતાં અને એને 'મહેર' આપીને છૂટી કરી દેવાઈ ત્યારે પહેલી વાર રાષ્ટ્રવ્યાપી અજંપો સર્જાયો.

**બ્લૂ બેન્ડ્સ પેટ્રોકેમિકલ્સ લીમીટેડ**
CIN:L23209GJ1989PLC013053
**રજીસ્ટર્ડ ઓફીસ : ૧૨૩/બી, સૈજપુર, ગોપાલપુર, પીરાણા રોડ, પીપલજ, અમદાવાદ-૩૮૨૪૦૫**

**નોટીસ**

આથી અહીં સેબી (એલઓઆરડી) રેગ્યુલેશન, ૨૦૧૫ના રેગ્યુલેશન ૩૩(૩) હેઠળ નોટીસ આપવામાં આવે છે કે ૩૧મી ડિસેમ્બર, ૨૦૧૬ના રોજ પુરા થયા ક્વાર્ટર અને નવ મહિનાના અંતે કંપનીના અનઓડીટેડ ફાઈનાન્સીયલ રિઝલ્ટને રિકાર્ડ પર લેવા અને મંજૂરી આપવા તથા અન્ય બાબતે ચેયરની મંજૂરી લેવા હેતુસર શનિવાર ૧૦મી ફેબ્રુઆરી, ૨૦૧૭ના રોજ કંપનીના બોર્ડ ડાયરેક્ટરોની બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે.

**બ્લૂ બેન્ડ્સ પેટ્રોકેમિકલ્સ લિમિટેડ વતી,**
**સહી/-**
**સ્થળ : મુંબઈ** **રૂકમણી ઐયર**
**તારીખ : ૪થી ફેબ્રુઆરી, ૨૦૧૭** **ડીરેક્ટર**

**SUNGOLD CAPITAL LTD**
**[CIN: L65910GJ1993PLC018956]**
**Registered office**: House No. 7/13, Opp White Tower, Station Road, Rajpipla, Nandod, Narmada - 393145
**Corporate office**: B/618, Jaswanti Allied Business Centre, off: Ramchandra Lane Extn,Malad (west), Mumbai- 400064
**Email –id**: sungold2006@gmail.com, info@sungoldcapitallimited.com
**Website**: www.sungoldcapitallimited.com, Phone no: 8108756812/022-28891692

**NOTICE**

**NOTICE** is hereby given that pursuant to regulation 47 read with Regulation 29 & 33 of SEBI (Listing Obligation and Disclosure Requirements), Regulations, 2015 that the meeting of the Board of Directors of the Company will be held on Friday, February 13, 2017 at the corporate office inter alia, to consider and approve the Unaudited Financial Results for the quarter ended December 31, 2016.

**For Sungold Capital Ltd**
**Place: Mumbai** Bhumika Sidhpura
**Date: 03.02.2017** (Company Secretary)

# ગુજરાત મૌર્ય સમાજનો ૨૫મી સિલ્વર જુબલી સમારોહ આજે




**અમદાવાદ,** ગુજરાત મૌર્ય સમાજ દ્વારા સમાજના લોકો એકજુથ થાય તે હેતુથી પોતાની ૨૫મી સિલ્વર જુબીલીની ઉજવણી અંતર્ગત ભવ્ય પરિવાર મિલન સમારોહ તારીખ ૫મી ફેબ્રુઆરી ૨૦૧૭ના રોજ સવારે ૯:૦૦ થી રાત્રીના ૯:૦૦ વાગ્યાની વચ્ચે રિવરફ્રન્ટ પાર્ક ખાતે આયોજીત કરાયો છે.

ગુજરાત મૌર્ય સમાજના પ્રેસિડેન્ટ શ્રી જયસિંહ મોર્યએ જણાવ્યુ હતુ કે ગુજરાત મોર્ય સમાજ હંમેશાથી સમાજના વિકાસ માટે કાર્ય કરતી આવી છે જેમા ખાસ કરીને સમાજના યુવાનોને પ્રોત્સાહિત કરવુ , બેટી બચાવો , સ્વચ્છતા અભિયાન જેવા સેવાકીય કાર્યો તેમજ દિવાળી મિલન સમારોહ , બુદ્ધ પુર્ણિમા ઉજવણી , જેવા કાર્યક્રમોનુ પણ આયોજન કરતુ આવ્યુ છે ત્યારે સમાજના લોકોને એક્ઠા કરવા માટે ગુજરાત મૌર્ય સમાજ દ્વારા પરિવાર મિલન સમારોહનુ આયોજન કરવામાં આવ્યુ છે.

આ પરિવાર મિલન સમારોહમાં ગુજરાત મોર્ય સમાજ દ્વારા સમાજની જાણિતા લોકોને સન્માનિત કરવામાં આવશે તેમજ આ સમારોહમાં કલ્ચરલ પ્રોગ્રામનું પણ આયોજન કરવામાં આવ્યું છે. આ સમારોહમાં અંદાજે ૯૦૦૦થી પણ વધુ લોકો ઉપસ્થિત રહશે. તે ઉપરાંત આ સમારોહમાં મિનિસ્ટર્સ, બ્યુરોકેટ્સ, જાણીતા બિઝનેશમેન તેમજ સમાજના અગ્રણી લોકો ઉપસ્થિત રહશે. (૧૯-૧૦)

**WINSOME DIAMONDS AND JEWELLERY LIMITED**
(Formerly Su-Raj Diamonds and Jewellery Limited)
**Regd. Office** : Kesharba Market-2, Gotalawadi, Katargam, Surat – 395 004
**Admin. Office** : 906/907/908, 9th Floor, The Plaza, Near Dharam Palace 55, Gamdevi, Grant Road, Mumbai – 400 007
CIN : L36910GJ1985PLC015915, cs@winsomejewellery.com

UNAUDITED FINANCIAL RESULTS FOR NINE MONTH/QUARTER ENDED DEC 31, 2016

Rs. In lakhs

| STANDALONE | | | |
|---|---|---|---|
| PARTICULARS | Quarter Ended 31/12/2016 | Nine Month Ended 31/12/2016 | Quarter Ended 31/12/2015 |
| Total Income from operations (net ) | 0 | 7 | 0 |
| Net Profit/ (Loss) for the period (before Tax, Exception and/or Extraordinary items) | (36) | (354) | (5) |
| Net Profit/ (Loss) for the period before Tax (after Exception and/or Extraordinary items) | (36) | (354) | (5) |
| Net Profit/ (Loss) for the period after tax (after Exception and/or Extraordinary items) | (76) | (394) | (5) |
| Total Comprehensive Income for the period [Comprising Profit / (Loss) for the period (after tax) and Other Comprehensive Income (after tax)] | (76) | (394) | (5) |
| Equity Share Capital | 10,647 | 10,647 | 10,647 |
| Reserves ( Excluding revaluation reserves) as shown in Audited Balance Sheet of the previous year. * | 46,429 | 46,429 | |
| Earnings Per Share (of Rs. 10/- each) (for continuing and discontinued operations) - Basic and Diluted | (0.07) | (0.37) | 0.00 |

* Reserves ( Excluding revaluation reserves) is as on 31/03/2016

The above is an extract of the detailed format of the financial results for the Quarter ended Dec 31, 2016 filed wih the Stock Exchange under Regulation 33 of the SEBI (Listing Obligations & Disclosure Requirements, 2015). The full format of the Quarterly Financial Results are available on the Stock Exchanges' Websites (www.bseindia.com).

For WINSOME DIAMONDS AND JEWELLERY LIMITED
Sd/-
Place : Ahmedabad Harshad Udani
Date : 4/2/2017 Director

**SWORD AND SHIELD PHARMA LIMITED**
CIN: L24231GJ1995PLC024809
Registered Office: 55, World Business House, Near Parimal Garden, Ambawadi, Ahmedabad – 380 006
Website: www.swordnshieldpharma.com
Contact: +91 98250 79759

**Extract of Standalone Un-audited Financial Results for the quarter and nine months ended on December 31, 2016**

(Amount in Rs.)

| Particulars | Quarter ended on 31/12/2016 Un-Audited | Year ended on 31/03/2016 Audited | Quarter ended on 31/12/2015 Un-Audited |
|---|---|---|---|
| Total Income From Operations | 15,000.00 | 380.90 | - |
| Net Profit / (Loss) for the period (before Tax, Exceptional and/or Extraordinary items) | (82,523.00) | (2,678,418.88) | (2,27,061) |
| Net Profit/(Loss) for the period before tax (after Exceptional and/or Extraordinary items) | (82,523.00) | (2,978,429.88) | (94,756.00) |
| Net Profit/(Loss) for the period after tax ( after Exceptional and/or Extraordinary items) | (82,523.00) | (2,978,429.88) | (94,756.00) |
| Total Comprehensive Income for the period [Comprising Profit / (Loss) for the period (after tax) and Other Comprehensive Income (after tax)] | (82,523.00) | 2,284,353.12 | (94,756.00) |
| Equity Share Capital | 46619170.00 | 46619170.00 | 46619170.00 |
| Reserves (excluding Revaluation Reserve as shown in the audited Balance Sheet of the previous year) | (45,533,995.60) | (45,533,995.60) | (47,818,349.00) |
| **Earnings Per Share (of Rs 10/- each) (for continuing and discontinued operations)-** | | | |
| Basic : (not annualized for the quarter ended) | **(0.018)** | **0.440** | **(0.020)** |
| Diluted:(not annualized for the quarter ended) | **(0.018)** | **0.440** | **(0.020)** |

**Note:-** The above financial is an extract of the detailed format of quarterly Financial Results filed with the Bombay Stock Exchange (BSE Ltd.) under Regulation 33 of the SEBI (Listing Obligation and Disclosure Requirements) Regulation, 2015. The full format of the quarterly Financial Results are available on the Bombay Stock Exchange Website at www.bseindia.com and on the website of the Company.

**For, SWORD AND SHIELD PHARMA LIMITED**
**Sd/-**
**Pravinbhai Patel**
**Place: Ahmedabad** **Managing Director**
**Date: February 4, 2017** **DIN: 01877446**

**સૂચના**

**કૃપા કરી આપની જાહેરખબર તથા સમાચાર અમારા નિમ્નલિખિત ઈ-મેલ પર જ મોકલશો :**
**lokmitra1948@gmail.com**